# ૨૫૬

હે મારે મંદિર મહાલે રે, બસ તું તું તું, (૪)
મારા મનનો મોર તું, મારા ચિત્તનો ચોર તું,
મારું કાળજું કોરે તું, બસ તું તું તું... હે મારે.

મારી મસ્ત મજા રે, બસ તું તું તું,
મારા વ્યોમનો સૂરજ તું, શીતલ શરદચંદ્ર તું,
મારો ધ્રુવતારક તું, બસ તું તું તું... હે મારે.

મારા સુખનો સમીર રે, બસ તું તું તું,
મારા સુખનું વાદળ તું, મારા સુખની વર્ષા તું,
મારો સુખ કલાપી તું, બસ તું તું તું... હે મારે.

મારો જીવનસાગર રે, બસ તું તું તું,
મારી જીવનનૈયા તું, મારો જીવનનાવિક તું,
મારો જીવનઆરો તું, બસ તું તું તું... હે મારે.

મારા હ્રદિયે રમે રે, બસ તું તું તું,
'હું'માં કરે એક તું, 'એમાં' કરે એક તું,
'સૌમાં' કરે એક તું, બસ તું તું તું... હે મારે.

મારો પ્રીતમપ્યારો રે, બસ તું તું તું,
'મું'માં રહેજે એક તું, 'મું'માં કહેજે એક તું,
'મું'માં જોજે એક તું, બસ તું તું તું... હે મારે.

મારું જીવન ધ્યેય રે, બસ તું તું તું,
મારો જીવન આનંદ તું, મારો બ્રહ્મ આનંદ તું,
મારો સહજાનંદ તું, બસ તું તું તું... હે મારે.

૨૫૭